મુંબઈ સમાચાર

મુંબઈ, ગુરુવાર, તા. ૨૩-૨-૨૦૧૨

# પ્રમુખીય લોકશાહી

## પ્રધાનમંડળની રચના

ફોકસ

જશવંત બી. મહેતા

jashwant@theemerald.com

**અમેરિકન** પદ્ધતિ સત્તાના વિભાજનના સિદ્ધાંત પર રચાયેલી છે જે મુજબ સંસદના બંને ગૃહોને કાર્યવાહીમાંથી એટલે કે મંત્રીમંડળની પસંદગીમાંથી સંપૂર્ણ રીતે અલગ રાખવામાં આવ્યા છે. પ્રમુખને પોતાની પસંદગી ગમે ત્યાંથી કરવાની છૂટ છે. તે ધારે એ પ્રમાણે દેશના ઉચ્ચ કક્ષાના બુદ્ધિમાન પ્રતિભાશાળી લોકોમાંથી પોતાના પ્રધાનમંડળની વરણી કરી શકે છે.

સામાન્ય રીતે દરેક વિષયના નિષ્ણાત, કાર્યદક્ષ માણસોની વરણી કરવામાં આવે છે. આ વર્ગના લોકો સામાન્ય રીતે રાજકારણમાંથી અળગા રહે છે. કેમ કે એક તો તેમને રાજકારણમાં રુચિ હોતી નથી અને બીજું તેઓ પોતાના વ્યવસાયમાં એટલા વ્યસ્ત રહે છે કે એમને અન્ય પ્રવૃત્તિ માટે પૂરતો સમય હોતો નથી. આ કક્ષાના લોકોને રાજકારણમાં પડી ચૂંટણી લડવાનું રુચતું પણ નથી હોતું અને પોતાના ધંધાકીય કે વ્યવસાયિક પ્રવૃત્તિઓમાંથી એમ કરવા માટેનો સમય ફાજલ પાડવાનું પણ તેમને માટે લગભગ અશક્ય જ થઈ પડે છે.

જ્યાં ગરીબાઈ, બેકારી જેવા અનેક પ્રશ્નો વણઉકેલ્યા છે એ ભારત જેવા વિશાલ દેશમાં ટોચના હોદ્દા સંભાળતા પ્રધાનો ઉચ્ચ કક્ષાના વ્યવસાયી, પોતાના વિષયમાં નિષ્ણાત અને વહીવટી બાબતોમાં અનુભવી હોય એ અત્યંત આવશ્યક છે. સામાન્ય રીતે સાચા અને પ્રમાણિક લોકો રાજકારણથી દૂર રહેતા હોય છે ને ધંધાદારી રાજકારણીઓ અથવા અનિચ્છનીય તત્ત્વો મેદાન મારી જાય છે. રાજકારણમાં નૈપુણ્ય મેળવવા જે ગુણોની (ઘણી વેળા અવગુણોની!) જરૂર પડે છે તે કેળવવાનું સાચા અને ઈમાનદાર માણસો માટે ઘણી વાર મુશ્કેલ બની જાય છે.

પ્રધાનમંડળમાં બાહોશ અને પ્રતિભાશાળી વ્યક્તિનો સમાવેશ કરી શકાય તે માટે સંસદીય પદ્ધતિને વરેલા અમુક દેશોમાં પણ ઘટતા ફેરફારો કરવામાં આવ્યા છે. દાખલા તરીકે, જાપાનમાં વડા પ્રધાનને પ્રધાનોની પસંદગી કરતી વખતે અર્ધી જેટલી જગ્યાઓ સંસદની બહારના વર્ગમાંથી પસંદ કરવાનો હક પ્રદાન કરવામાં આવ્યો છે. જર્મનીમાં પણ



નિષ્ણાતો, માફ કરજો !

ચાન્સેલરને યોગ્ય લાગે તે રીતે બંડેસ્ટાગ (સંસદ)ની બહારથી લાયક વ્યક્તિઓ પસંદ છૂટ આપવામાં આવી છે.

અતિ મહત્ત્વનો હોદ્દો ભોગવતા આપણા પ્રધાનોને પોતાના ખાતા અંગેની કોઈ પણ માહિતી કે જ્ઞાન મેળવવું જરૂરી નથી. પક્ષીય રાજકારણમાં તેનું સ્થાન કેટલું મજબૂત છે અથવા તો વડા પ્રધાન કે મુખ્ય પ્રધાનનો તેઓ કેટલો વિશ્વાસ ધરાવે છે અથવા એમની જોડે કેટલો અંગત સંબંધ ધરાવે છે એ લક્ષમાં લઈને ખાતાની વહેંચણી કરવામાં આવે છે.

લગભગ દરેક ક્ષેત્રે એમ જોવા મળે છે કે આપણા પ્રધાનો બિનઅનુભવી અને શિખાઉ હોય છે. એક સાધારણ નીચલા સ્તરે ઈજનેર પણ રોકવો હોય તો આપણે અપેક્ષા રાખીએ છીએ કે તે વ્યક્તિ પાસે ઈજનેરીની પદવી હોવી જરૂરી છે. એ મેળવવા માટે કેટલાંય વર્ષોનો કોલેજનો અભ્યાસ કરવો જરૂરી રહે છે, જ્યારે રાષ્ટ્રનું સંચાલન કરવા સંબંધી સૌથી ટોચની જગ્યાઓ પૂરવા માટે કોઈ પણ જાતના ઉપાધિ, અનુભવ કે જ્ઞાનની જરૂર રહેતી નથી કોઈ પણ ખાતું પછી તે સંરક્ષણ હોય કે નાણાખાતું, ગૃહનિર્માણ હોય કે ઉદ્યોગ, વાણિજ્ય હોય કે ખેતીવાડી, આપણા પ્રધાનોમાં દરેક ખાતાને ચલાવવાની સંપૂર્ણ આવડત કે બુદ્ધિ હોય છે એમ માની લેવું જ રહ્યું! પોતાને સોંપવામાં આવેલા ખાતાની પૂરતી માહિતી અને અનુભવના અભાવે મોટે ભાગે સંસદીય લોકશાહીમાં પ્રધાનો કાયમી સનદી નોકરશાહીના હાથમાંના રમકડાં બની રહેતા હોય છે.

(ક્રમશઃ) ■